GUJMIN INDUSTRY ASSOCIATION
2nd Floor, Marble & Mineral Chambers, B/h. D. K. House,
Mithakhali, Ahmedabad - 380 006. (Gujarat) • Tel.Fax : 079 - 26427047
E-mail: gujmin@gmail.com • Web : www.gujaratmineral.org
ESTD. 1962

નં.ગુજમીન/માઇનિંગ ઈસ્યુ/૨૦૨૪/૪૩ તા:૨૬-૦૬-૨૦૨૪

પ્રતિ,

કમિશ્નરશ્રી,

ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતું,

બ્લોક નં. ૧૫, ડો. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર

**વિષય : <u>સાદી રેતી ખનિજના ખોદકામ માટે નિયંત્રણો અંગે ખાસ જોગવાઈઓ અંગે</u>**

મે.સાહેબશ્રી,

જય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે વિનંતી સાથે જણાવવાનું કે ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન, ખનિજ ઉદ્યોગનું સને ૧૯૬૨ થી ખનિજોના લીઝ ધારકોનું પ્રતિનિધિત્વ ધરાવતુ રાજ્ય સ્તરનું સરકાર માન્ય એસોસિએશન છે. આ ઉદ્યોગ સાથે સંકળાયેલા અમારા સભ્યો તરફથી અમોને માઇનિંગ ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવે છે જે અન્વયે રાજ્ય સરકારશ્રીને તેના વ્યાવહારિક નિરાકરણ માટે અમારા અનુભવી હોદેદારો દ્વારા તૈયાર કરી સુચનો સરકારશ્રીમાં રજૂ કરવામાં આવે છે. જે અન્વયે નીચે મુજબના પ્રશ્નની અમારી રજૂઆત અને અમારા સૂચનો ધ્યાને લઈ આપશ્રીને આ અંગે ઘટતું કરવા વિનંતી છે.

<u>પ્રશ્નની વિગત:</u>

**ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો: ૨૦૨૧૭ના નિયમ :૮૪ અનુસાર પ્રતિબંધિત લીઝ વિસ્તાર છોડી દીધેલ હોવા છતાં લીઝ ધારકો પાસે પૂરેપૂરા વિસ્તારનું વસુલવામાં અવતા ડેડરેન્ટ અંગે.**

ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો : ૨૦૧૭ ના નિયમ: ૮૪ અનુસાર સાદી રેતી ખનિજના ખાણકામ માટે સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્ર તારીખ : ૨૭-૧૨-૨૦૧૨ અને તારીખ ૨૦-૦૧-૨૦૧૪થી ખોદકામ માટે નિયંત્રણો લાગુ કરવામાં આવેલ છે. જે મુજબ રાષ્ટ્રીય ધોરી

Cont...

ESTD. 1962

માર્ગ પર આવેલ પુલથી ૫૦૦ મીટરની અંદર ખોદકામ કરવા પ્રતિબંધ મુકવામાં આવેલ છે. જે અન્વયે અગાઉ પુલથી ૫૦ મીટર છોડી આવા વિસ્તારમાં મંજુર / કરારખત થયેલ લીઝ વિસ્તાર પુલથી ૫૦૦ મીટર છોડીને લીઝ ધારકો દ્વારા ખાણકામ કરતા હોવા છતાં તેમજ આવા પ્રતિબંધિત વિસ્તાર છોડીને બાકી રહેતા વિસ્તારના ડી.આઈ.એલ.આર. દ્વારા માપણી કરાવી બાકી રહેતા વિસ્તાર દર્શાવી નકશા રજૂ કરી લીઝની મુદત વધારા અંગેના હુકમો કરવા રજુઆત કરવામાં આવેલ તેમ છતાં મંજુર / કરારખત થયેલ પુરેપુરા વિસ્તારનું ડેડરેન્ટ આજદિન સુધી વસુલવામાં આવી રહેલ છે.

**સુચન:**

સરકારશ્રીની સૂચના મુજબ વિસ્તાર બાદ કરવાં છતાં આવા પ્રતિબંધિત વિસ્તાર પર પણ ડેડરેન્ટ આપવાથી આવા લીઝધારકો પર મોટો આર્થિક બોજ પડી રહેલ છે. જેથી ૫૦૦ મીટર છોડયા બાદના વિસ્તાર માટે ડેડરેન્ટની ગણતરી કરી પૂરેપૂરા વિસ્તારનું વસુલવામાં આવેલ ડેડરેન્ટ રીફંડ /સરભર કરવા રજુઆત છે.

ઉપરોક્ત રજૂઆત અંગે ધરતુ થવા વિનંતી

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

ગુજમીન ઇન્ડસ્ટ્રી એસોસિએશન વતી

સી.એમ.દ્વિવેદી

પ્રમુખ

સાદી રેતી ખનિજના ખોદકામ માટે નિયંત્રણો લાગુ કરવાની ગાઇડલાઇન્સ બાબત

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ પીઆઇએલ/૨૦૧૧/એચસી-૧૪(૬)/છ,
સચિવાલય, ગાંધીનગર

તારીખઃ ૨૭/૧૨/૨૦૧૨

વંચાણે લીધાઃ

૧. વન અને પર્યાવરણ વિભાગનો તારીખ ૨૨/૦૮/૨૦૧૨નો પત્ર ક્રમાંકઃ ઇએનવી/૧૦/૨૦૧૨/પીઆઇએલ-૨(૬)/ઇ

૨. રેતી ખોદકામની બાબતો અંગેની વન અને પર્યાવરણ વિભાગની સમિતિની તારીખ ૦૮/૦૮/૨૦૧૨ના રોજ યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધનો મુદ્દા નં.ડ

૩. ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરીનો તારીખ ૨૯/૦૮/૨૦૧૨નો પત્ર ક્રમાંકઃ સીજીએમ/લીઝ/હાઇકોર્ટમેટર/૩૭૨૬

આમુખઃ

નામ. ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ PIL No. 6/2011, MURJI LAKHA BAROT V/S STATE OF GUJARATમાં નામ. હાઇકોર્ટે આપેલ નિર્દેશ અનુસાર The Kerala Protection of River Banks and Regulation of Removal of Sand Act, 2001ની જોગવાઇઓ ગુજરાત રાજયમાં કેટલે અંશે લાગુ કરી શકાય તેનો અભ્યાસ કરવા માટે વન અને પર્યાવરણ વિભાગના અગ્રસચિવશ્રીના અધ્યક્ષસ્થાને એક કમિટિ રચવામાં આવેલ છે તેની તારીખ ૦૮/૦૮/૨૦૧૨ના રોજ યોજાયેલ બેઠકમાં સાદી રેતી ખનિજના ખોદકામ માટે કેટલાંક નિયંત્રણો લાગુ કરવાની બાબત વિચારણા કરવામાં આવેલ છે. તે બેઠકમાં સૂચવાયેલ નિર્ણયો પૈકી રાજયમાં સાદી રેતી ખનિજના ખોદકામ માટે નિયંત્રણો લાગુ કરવા અંગે ગાઇડલાઇન્સ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પરિપત્રઃ-

પુખ્ત વિચારણાને અંતે રાજય સરકારે સાદી રેતી ખનિજના ખોદકામ માટે નીચે દર્શાવ્યા મુજબની ગાઇડલાઇન્સ બહાર પાડવાનું ઠરાવેલ છે.

૨. ગાઇડલાઇન્સઃ-

૧. સવારે ૬-૦૦ કલાક પહેલાં અને સાંજે ૬-૦૦ કલાક પછી સાદી રેતી ખનિજનું ઉત્ખનન કરી શકાશે નહીં અને જો આ સમય દરમ્યાન રેતીનું ઉત્ખનન કરાશે તો તે બિનઅધિકૃત ખાણકામ ગણાશે.

૨. માત્ર નદી પટ્ટમાંથી જ સાદી રેતી ખનિજના ઉત્ખનનની પરવાનગી આપી શકાશે અને નદી કાંઠાથી લઘુત્તમ ૨૫ મીટરના અંતરમાં રેતી ખનિજ ભરવા માટે કોઇ વાહન ઉભુ રાખી શકાશે નહીં અને નદી કાંઠાથી ૧૦ મીટરના અંતરમાં રેતી ખનિજનું ખોદકામ કરી શકાશે નહીં. ડીસ્ટ્રીકટ એરીઆ કમિટિએ નિયત કરેલ હોય તેટલા જથ્થા કરતાં વધુ જથ્થો કોઇપણ સ્થળેથી ઉપાડી શકાશે નહીં.

૩. જે સ્થળોએ નદીના પાણી સાથે ખારા પાણીના ભળી જવાની શક્યતા હોય તેવા સ્થળોએ સાદી રેતી ખનિજનું ઉત્ખનન કરી શકાશે નહીં.

૪. રાજ્ય સરકાર તરફથી સામાન્ય સૂચનાઓ અથવા કોઇ ખાસ હુકમથી પ્રતિબંધિત કરેલા હોય તેવા વિસ્તારમાં તેમજ ડીસ્ટ્રીકટ એરીઆ કમિટિએ નક્કી કરેલ જથ્થાની વધુ સાદી રેતીનું ઉત્ખનન થઇ શકશે નહીં.

૫. કોઇપણ સિંચાઇ પ્રોજેકટ કે પુલથી ૫૦૦ મીટરના અંતરમાં રેતી ખનિજનું ખોદકામ કરી શકાશે નહીં.

૬. નદી પટ્ટમાં મહત્તમ ત્રણ મીટરની ઉંડાઇ સુધી જ રેતીનું ખોદકામ કરવાનું રહેશે.

૭. આ ગાઇડલાઇન્સ પૈકીની કોઇપણ શરતના ભંગ બદલ ખાણ અને ખનિજના કાયદા/નિયમો હેઠળ પગલાં લેવામાં આવશે.

૮. રાજ્ય સરકાર તરફથી ખાણ-ખનિજને લગતી વખતોવખત નક્કી થતી નીતિનું પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીદેવી શુકલ)
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિઃ

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર *
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉદ્યોગ અને ખાણ)ના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સાદી રેતી ખનિજના ખોદકામ માટે
નિયંત્રણો લાગુ કરવાની ગાઇડલાઇન્સમાં
સ્પષ્ટતા બાબત

[illegible] કચેરી
[illegible] FEB 2014
[illegible]

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ પીઆઇએલ/૨૦૧૧/એચસી-૧૪(૬)/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૦/૦૧/૨૦૧૪

વંચાણે લીધાઃ

1. ઉદ્યોગ અને ખાણ વિભાગનો તારીખ ૨૭/૧૨/૨૦૧૨નો પરિપત્ર ક્રમાંકઃ પીઆઇએલ/૨૦૧૧/એચસી-૧૪(૬)/છ
2. ઓમ ક્વોરી, શ્રીનાથજી ટ્રેડર્સ અને દક્ષિણ ગુજરાત ઓડ જ્ઞાતિ લીઝ હોલ્ડર એસોસીએશન તરફથી આ વિભાગને રજુ કરવામાં આવેલ વાંધા
3. ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરીનો તારીખ ૨૨/૦૨/૨૦૧૩નો પત્ર ક્રમાંકઃ જીજીએમ/લીઝ/પોલીસી/ગૌણ/મુખ્ય-૧૩૪/૬૭૮
4. ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરીનો તારીખ ૦૪/૦૪/૨૦૧૩નો પત્ર ક્રમાંકઃ જીજીએમ/લીઝ/પોલીસી/સા.રેતી/ગાઇડલાઇન્સ/૧૩-૧૪/૧૪૯૧
5. ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરીનો તારીખ ૨૨/૦૪/૨૦૧૩નો પત્ર ક્રમાંકઃ જીજીએમ/લીઝ/પોલીસી/જીએમએમસીઆર-૧૦/૧૩-૧૪/૧૭૧૪

આમુખઃ

રાજ્યમાં સાદી રેતી ખનિજના ખોદકામ માટે નિયંત્રણો લાગુ કરવા અંગે વંચાણે લીધેલ ક્રમાંકઃ૧ ઉપરના આ વિભાગના તારીખ ૨૭/૧૨/૨૦૧૨ના પરિપત્રથી ગાઇડલાઇન્સ બહાર પાડવામાં આવેલ છે. આ પરિપત્ર અન્વયે આમુખના ક્રમાંકઃ ૨ ઉપરના ઓમ ક્વોરી, શ્રીનાથજી ટ્રેડર્સ અને દક્ષિણ ગુજરાત ઓડ જ્ઞાતિ લીઝ હોલ્ડર એસોસીએશનના પત્રોથી આ વિભાગને સદર પરિપત્રમાં સુધારા-વધારા કરવા વાંધા રજુ કરવામાં આવેલ. જે પરત્વે ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી તરફથી આમુખના ક્રમાંકઃ ૩, ૪ અને ૫ ઉપરના પત્રોથી આ બાબતનો અભિપ્રાય રજુ કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પરિપત્રઃ

પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકારે સાદી રેતી ખનિજના ખોદકામ માટે વંચાણે લીધેલ ક્રમાંકઃ૧ ઉપરના આ વિભાગના તારીખ ૨૭/૧૨/૨૦૧૨ના પરિપત્રથી બહાર પાડેલ ગાઇડલાઇન્સમાં નીચે મુજબની સ્પષ્ટતાઓ ઉમેરવામાં આવે છે.

| ક્રમ | હાલની ગાઇડલાઇન્સ | સ્પષ્ટતા |
|---|---|---|
| ૧ | સવારે ૬-૦૦ કલાક પહેલાં અને સાંજે ૬-૦૦ કલાક પછી સાદી રેતી ખનિજનું ઉત્ખનન કરી શકાશે નહીં અને જો આ સમય દરમ્યાન રેતીનું ઉત્ખનન કરાશે તો તે બિનઅધિકૃત ખાણકામ ગણાશે. | આ જોગવાઇ યથાવત્ રાખીને તેમાં નીચે મુજબની સ્પષ્ટતા ઉમેરવામાં આવે છેઃ "આ જોગવાઇ સાદી રેતીના ઉત્ખનન કરવા ઉપર લાગુ પડશે, રેતીના વહન ઉપર લાગુ પડશે નહીં." |

| | |
|---|---|
| માત્ર નદી પટ્ટમાંથી જ સાદી રેતી ખનિજના ઉત્ખનનની પરવાનગી આપી શકાશે અને નદી કાંઠાથી લઘુત્તમ ૨૫ મીટરના અંતરમાં રેતી ખનિજ ભરવા માટે કોઇ વાહન ઉભુ રાખી શકાશે નહી અને નદી કાંઠાથી ૧૦ મીટરના અંતરમાં રેતી ખનિજનું ખોદકામ કરી શકાશે નહીં. ડીસ્ટ્રીકટ એરીઆ કમિટિએ નિયત કરેલ હોય તેટલા જથ્થા કરતાં વધુ જથ્થો [illegible] સ્થળેથી ઉપાડી શકાશે નહીં. | આ જોગવાઇ યથાવત્ રાખીને તેમાં નીચે મુજબની સ્પષ્ટતા ઉમેરવામાં આવે છેઃ "નદી પટ્ટ અને નદી પટ્ટ સિવાયના વિસ્તારો તથા ખાનગી માલિકીના વિસ્તારોમાં રેતી ખનિજ ઉપલબ્ધ હોય ત્યાં રેતી ખનિજના ઉત્ખનનની નિયમાનુસારની પરવાનગી આપી શકાશે." |
| જે સ્થળોએ નદીના પાણી સાથે ખારા પાણીના ભળી જવાની શક્યતા હોય તેવા સ્થળોએ સાદી રેતી ખનિજનું ઉત્ખનન કરી શકાશે નહી. | આ જોગવાઇ યથાવત્ રાખીને તેમાં નીચે મુજબની સ્પષ્ટતા ઉમેરવામાં આવે છેઃ "સમગ્ર રાજ્યમાં જે વિસ્તાર દરિયાના પાણીથી નજીક હોય તેવા વિસ્તારોના કિસ્સામાં જ આ જોગવાઇ લાગુ પડશે, અન્ય વિસ્તારોને લાગુ પડશે નહીં." |
| કોઇપણ સિંચાઇ પ્રોજેકટ કે પુલથી ૫૦૦ મીટરના અંતરમાં રેતી ખનિજનું ખોદકામ કરી શકાશે નહીં. | આ જોગવાઇ યથાવત્ રાખીને તેમાં નીચે મુજબની સ્પષ્ટતા ઉમેરવામાં આવે છેઃ<br>(૧) સિંચાઇના બંધો, ફ્રેન્ચ વેલ, ઇરોઝન સ્ટ્રક્ચર અને રાષ્ટ્રીય ધોરી માર્ગ પર આવેલા પુલથી ૫૦૦ મીટરની અંદર ખોદકામ કરવાનું રહેશે નહીં.<br>(૨) રાજ્ય ધોરી માર્ગ, જીલ્લા અને તાલુકા માર્ગ પર આવેલા પુલ, રેલ્વે લાઇન પર આવેલા પુલ, પરકોલેશન વેલ અને નદી કાંઠે આવેલા સિંચાઇના કુવાઓથી ૨૦૦ મીટરની અંદર ખોદકામ કરવાનું રહેશે નહીં. |

(3) આ સિવાય અન્ય કિસ્સાઓમાં ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો-૨૦૧૦ના નિયમ-૩રમાં કરેલ જોગવાઇઓ લાગુ પડશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીદેવી શુકલ)
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
ઉદ્યોગ અને ખાણ વિભાગ

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર *
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉદ્યોગ અને ખાણ)ના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(પાણી પુરવઠા), નર્મદા, જસં. પાપુ અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(માર્ગ અને મકાન), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(જળસંપત્તિ), નર્મદા, જસં, પાપુ અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, વાહનવ્યવહાર, બ્લોક નં. ૬, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવ/સંયુકત સચિવ/ખા.ફ.અ.(ખાણ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય જીવન), બ્લોક નં. ૧૪, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પર્યાવરણ ભવન, સેકટર નં. ૧૦-એ, ગાંધીનગર
- અધિક નિયામકશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા પોલીસ વડાશ્રીઓ
- સિલેકટ ફાઇલ- છ શાખા, છ૧ શાખા

* પત્રથી



XXX